
# 5. જૂનું ઘર ખાલી કરતાં

**બાલમુકુંદ દવે**
**જન્મ : ઈ.સ. ૧૯૧૬**



બાલમુકુંદ દવેનો જન્મ વડોદરા જિલ્લાના મસ્તપુરા ગામમાં થયો હતો. ગુજરાતી સાહિત્યના ગીત અને ભજનના ઢાળમાં કવિતા કરનાર કવિ છે. પ્રાચીન ભજન પરંપરાનું અનુસંધાન તેમની રચનાઓમાં જોવા મળે છે. બાળપણમાં માણેલું પ્રકૃતિ-સૌંદર્ય દાદીમાના પ્રભાતિયાં તેમ જ લગ્નગીતોનું શ્રવણ તથા ચિંતનાત્મક અને પ્રેરક સાહિત્યનું વાંચન આ બધાંએ તેમના કવિ વ્યક્તિત્વને ઘડવામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. એમના કાવ્યસંગ્રહ 'પરિક્રમા'માં પ્રકૃતિ, પ્રણય અને ભક્તિનાં કાવ્યો-ગીતો છે. તેમની કવિતાની વાણી શિષ્ટ અને પ્રાસાદિક છે. સાચુકલી ભાવનાભૂતિના આલેખનના કારણે તેમની કવિતા મનોહર બની છે. તેમણે બાળકાવ્યોના ત્રણ સંગ્રહો આપ્યા છે. આ ઉપરાંત પ્રૌઢશિક્ષણ માટે વ્યક્તિચિત્રોની પુસ્તિકા આપી છે.

આ સૉનેટ પ્રકારનું કાવ્ય છે. ગુજરાતી કવિતામાં સૉનેટ વિદેશી કાવ્ય પ્રકાર છે. સૉનેટ સ્વરૂપને ગુજરાતીમાં સ્થાયી કરવાનું કામ બળવંતરાય ઠાકોરે કર્યું. આ કાવ્યસ્વરૂપમાં ચૌદ પંક્તિની અનિવાર્યતા છે. અત્યારે ચૌદ પંક્તિનો સળંગ, તેર અને એક, સાડા બાર અને દોઢ એમ અનેક પ્રયોગો સૉનેટની રચનામાં થાય છે. તેને અનિયમિત સૉનેટ કહી શકાય. તેનાં ત્રણ લક્ષણો : વસ્તુવૈશિષ્ટ્ય, ચૌદ પંકિતની નિશ્ચિત સંખ્યા તેમ જ પાઠ્યવૃત્ત, સઘન વસ્તુવિચાર અને તેનો કાવ્યદેહમાં યોગ્ય પલટો.

આ કાવ્ય કૃતિમાં એક મધ્યમવર્ગનો માણસ પોતાનું જૂનું ઘર ખાલી કરી નવા ઘેર રહેવા જઈ રહ્યો છે. તે સમયે કેવી માનસિક સ્થિતિમાંથી પસાર થાય છે ? એ વસ્તુને વિષય તરીકે લેવામાં આવી છે. ઘરની નાની મોટી વસ્તુઓ એકઠી કર્યા પછી છેલ્લીવાર ઘર જોવા માટે કાવ્યનાયક અને તેની પત્ની તૈયારી કરે છે ને ત્યાં તેમને યાદ આવે છે. તેમના દાંપત્યજીવનનો પ્રથમ દસકો કે જે અત્યંત આનંદદાયક હતો. વળી, યાદ આવે છે પનોતો પુત્ર. જે તેઓને આ ઘરમાં જ પ્રાપ્ત થયો હતો ને કમનસીબે અહીં જ તેનું મૃત્યુ થયું હતું. બંને અત્યંત વ્યગ્ર થઇ જાય છે. ત્યાં સંભળાય છે પુત્રનો અવાજ : 'બા-બાપુ ! ના કશુંય ભૂલ્યાં, એક ભૂલ્યા મને કે ?' વેદનાગ્રસ્ત દંપતીનો નવા ઘેર જવાનો ઉત્સાહ ઓસરી જાય છે. ભૂતકાળમાં બનેલી ઘટના તેમના વર્તમાનને કરુણતાથી ભરી દે છે અને નવા ઘેર જવા ઉત્સાહથી ઉપડેલા પગ લોખંડ જેવા ભારે બની જાય છે.

---

ફંફોસ્યું સૌ ફરીફરી અને હાથ લાગ્યુંય ખાસ્સું :
જૂનું ઝાડું, ટૂથ બ્રશ, વળી લક્સ સાબુની ગોટી,
બોખી શીશી, ટિનનું ડબલું, બાલદી કૂખકાણી,
તૂટ્યાં ચશ્માં, કિલપ બટન ને ટાંકણી સોય-દોરો !
લીધું દ્વારે નિત લટકતું નામનું પાટિયું, જે
મૂકી ઊંધું, સુપરત કરી, લારી કીધી વિદાય.
ઊભાં છેલ્લી નજર ભરીને જોઈ લેવા જ ભૂમિ,
જ્યાં વિતાવ્યો પ્રથમ દસકો મુગ્ધ દામ્પત્ય કેરો;

જ્યાં દેવોના પરમ વરશો પુત્ર પામ્યાં પનોતો,
ને જ્યાંથી રે કઠણ હૃદયે અગ્નિને અંક સોંપ્યો !
કોલેથી જે નીકળી સહસા ઊઠતો બોલી જાણે :
'બા-બાપુ ! ના કશુંય ભૂલિયાં, એક ભૂલ્યાં મને કે ?'
ખૂંચી તીણી સજલ દગમાં કાચ કેરી કણિકા !
ઉપાડેલાં ડગ ઉપર શા લોહ કેરા મણીકા !

## ટિપ્પણ

**ફંફોસ્યું** - બારીકાઈથી તપાસવું, ખોળવું **બાલદી** - ડોલ **દ્વારે** - બારણે **મુગ્ધ** - કોઈ અસર નીચે આવી જાય તેવું **વરશો** - વરદાન જેવો **પનોતો** - શુભ, મંગળકારી, ઘણે વર્ષે થયેલું સંતાન **કોલેથી** - ખૂણેથી **સહસા** - એકાએક **અંકે** - ખોળે **દગ** - આંખ **કણિકા** - ઝીણી કરચ **લોહ** - લોખંડ **મણીકા** - નાના મણકા (અહીં) મણનું વજન (એક મણ એટલે ૨૦ કિલો)

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. જૂના ઘરમાં કવિ કેટલો સમય રહ્યા હતા ?
2. લારીને વિદાય કરતી વખતે કવિ નામનાં પાટિયાનું શું કરે છે ?
3. કાવ્યનાયક જૂના ઘરમાં શું પામ્યા હતા ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં આપો.**

1. જૂનું ઘર ખાલી કરતાં કવિને શું-શું મળી આવે છે ?
2. લારીને વિદાય કરતાં પહેલા કવિ શું કરે છે ?
3. જૂના ઘરમાં બનેલી કઈ ઘટના કાવ્યનાયકને સતાવે છે ?
4. કાવ્યનાયકને પુત્ર શું બોલતો હોય તેવો ભાસ થાય છે ?
5. દંપતીનો નવા ઘેર જવાનો ઉત્સાહ કેમ મંદ પડે છે ?
6. પુત્રની યાદથી દંપતીને કેવી અનુભૂતિ થાય છે ?

**પ્રશ્ન 3. નીચેના પ્રશ્નોના જવાબ આપો.**

1. લારીને વિદાય કરતાં પહેલાં અને પછીની કવિની મનોસ્થિતિનું વર્ણન કરો.
2. જૂનું ઘર ખાલી કરતી વખતે કવિને થયેલી વેદનાનું વર્ણન તમારા શબ્દોમાં કરો.

**પ્રશ્ન 4. કાવ્યપંક્તિઓનો ભાવાર્થ સમજાવો.**

ખૂંચી તીણી સજલ દગમાં કાચ કેરી કણિકા !
ઉપાડેલાં ડગ ઉપર શા લોહ કેરા મણીકા !

**પ્રશ્ન 5. સમાનાર્થી શબ્દ લખો.**

દગ, અંક, ભૂમિ, હૃદય, પુત્ર

**પ્રશ્ન 6. વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

વિદાય, દેવ, કઠણ, જૂનું

### આટલું કરો

1. કવિતાનું વાર્તામાં રૂપાંતર કરીને વર્ગખંડમાં રજૂ કરો.
2. ઘર, ગામ કે શાળા છોડતી વખતે અનુભવાતી વેદનાને વાચા આપતું કાવ્ય લખી બુલેટીન બૉર્ડ પર રજૂ કરો.
3. સ્થાનિક કવિને નિમંત્રણ આપી કાવ્યપઠનનો કાર્યક્રમ યોજો.

•